દાખલ તારીખ :–૧૬/૦૩/૨૦૦૭
ફેંસલ તારીખ :–૦૧/૧૦/૨૦૨૪
સમયગાળો :– વર્ષ મહિના દિવસ
૧૭ ૦૬ ૧૫

**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જયુડીશ્નલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબરઃ–૩૫૬/૨૦૦૭**
**(ચુકાદાની તારીખઃ– ૦૧/૧૦/૨૦૨૪)**

**આંક–૧૨**

**ફરિયાદીઃ** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ** (૧)વિનોદભાઈ ઉર્ફે ભુરીયો નાથાભાઈ પટણી, ઉ.વ. ૨૨
(૨)શાંતિલાલ ઉર્ફે બોબી સ/ઓ નાથાભાઈ પટણી, ઉ.વ.૩૦
બંને રહેઃ ઈન્દિરાનગરના છાપરા, જનતાનગરનો ટેકરો,
ઓઢવ, અમદાવાદ

**ગુનોઃ ઈ.પી.કો.કલમ–૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ તથા બી.પી.એકટ કલમ–૧૩૫(૧)મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી – નથી**

---

**ચુકાદો**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૨૫/૨/૨૦૦૭ ના કલાક ૧૦:૦૦ વાગેના સુમારે ઈન્દિરાનગર છાપરામાં જવા આવવાના રોડ ઉપર જાહેરમાં ફરિયાદને આરોપીએ જણાવેલ કે, મારું રૂા.૧,૯૦૦/–માં નકકી કરેલ સ્કુટર તારો ભાઈ રાકેશ પાસેથી રૂા. ૨,૦૦૦/– માં કેમ લાવેલ છે?, તેમ જણાવી બિભત્સ ગાળો આપી આરોપીએ પીઠામાંથી લાકડાની ફાચર ઉઠાવી ફરિયાદીના માથમાં મારી ઈજા કરી તેમજ આરોપીઓએ સાહેદ નં. ૬ તથા ૭

ને ગડદાપાટુનો માર મારી ફરિયાદ કરીશ તો જોઈ લેવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક. અમલદારે ફ.ગુ.ર.નં.૭૪/૨૦૦૭ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧)૧૧૪ તથા બી.પી. એકટ કલમ – ૧૩૫ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

૨. આરોપીને કોર્ટથી સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં જેની કાયદેસરની બજવણી આરોપીને નહી થતાં આરોપી વિરૂધ્ધ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના પરિપત્ર ક્રમાંક–૨૬૬૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬ માં આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં લઈ, ક્રિ.પ્રો. કોડની કલમ–૨૯૯ હેઠળ તેઓની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી સંજયભાઈ છપ્પનભાઈ પટણી ની જુબાની | આંક–૦૩ |
| ૨ | ફરિયાદ | આંક–૦૪ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | આંક–૦૫ |
| ૪ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું | આંક–૦૬ |
| ૫ | સાહેદ સુનીતાબેન નુ ઈજા અંગેનું સારવાર સર્ટીફીકેટ | આંક–૦૭ |
| ૬ | સાહેદ લક્ષ્મીબેન નુ ઈજા અંગેનું સારવાર સર્ટીફીકેટ | આંક–૦૮ |
| ૭ | સાહેદ સુનીતાબેન સંજયભાઈ પટણી ની જુબાની | આંક–૦૯ |
| ૮ | સાહેદ લક્ષ્મીબેન રાકેશભાઈ પટણી ની જુબાની | આંક–૧૦ |
| ૯ | કલોઝીંગ પુરસીસ | આંક–૧૧ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ધ્યાને લેતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૨૫/૨/૨૦૦૭ ના કલાક ૧૦:૦૦ વાગેના સુમારે ઈન્દિરાનગર છાપરામાં જવા આવવા ના રોડ ઉપર જાહેરમાં ફરિયાદને આરોપીએ જણાવેલ કે, મારું રૂા.૧,૯૦૦/– માં નકકી કરેલ સ્કુટર તારો ભાઈ રાકેશ પાસેથી રૂા. ૨,૦૦૦/– માં કેમ લાવેલ છે?, તેમ જણાવી બિભત્સ ગાળો આપી આરોપીએ પીઠામાંથી લાકડાની ફાચર ઉઠાવી ફરિયાદીના માથમાં મારી ઈજા કરી તેમજ આરોપીઓએ સાહેદ નં. ૬ તથા ૭ ને ગડદાપાટુનો માર મારી ફરિયાદ કરીશ તો જોઈ લેવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૨૪,૩૨૩, ૨૯૪ (ખ),૫૦૬(૧),૧૧૪ તથા બી.પી.એકટ કલમ–૧૩૫(૧)મુજબનો સજા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>કારણો</u>**

**<u>મુદ્દાનં. ૧:–</u>**

(૮) સદર કામે ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા ફરિયાદી સંજયભાઈ છપ્પનભાઈ પટણીને આંક–૦૩થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે, બનાવ ૨૦૦૭ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કંઈ બીજું બનેલ નહી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. તેમની સાથે આવો કોઈ બનાવ બનેલ નથી. બનાવ અંગેની ફરિયાદ તેઓએ આપેલી. જે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ તેમની

સાથે બનેલ નથી. જે ફરિયાદ બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૪થી રજૂ રાખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ કામના આરોપી સાથે તેઓને સમાધાન થયેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ– ૨૯૯ તથા ૩૫૩(૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮.૨) ફરિયાદપક્ષે સાહેદ સુનિતાબેન સંજયભાઈ પટણી નાઓને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૧૧ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કંઈ બીજું બનેલ નહી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. બનાવ અંગેની ફરિયાદ તેમના પતિએ આપેલી. જે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ તેમની સાથે બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ કામના આરોપી સાથે તેઓને સમાધાન થયેલ છે. આમ, સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ– ૨૯૯ તથા ૩૫૩(૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮.૩) ફરિયાદપક્ષે સાહેદ લક્ષ્મીબેન રાકેશભાઈ પટણી નાઓને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૧૧ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય કંઈ બીજું બનેલ નહી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. બનાવ અંગેની ફરિયાદ તેમના જેઠએ આપેલી. જે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ તેમની સાથે બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ કામના આરોપી સાથે તેઓને સમાધાન થયેલ છે. આમ, સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર

કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ તથા ૩૫૩(૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૯) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩)ક્રાઈમ્સ પાન નં. ૮૫ ઉપર ના.સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ધ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે. કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજુ પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરિયાદી તથા સાહેદો પોતાના સોગંદ પરના પુરાવામાં બનાવની હકીકતો વિશે તેઓને કંઈ ખબર ન હોવાનું જણાવે છે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ તેમની સાથે ન બનેલ હોવાનું જણાવે છે.આમ,ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આરોપીઓએ ગઈ તા.૨૫/૨/૨૦૦૭ ના કલાક ૧૦:૦૦ વાગેના સુમારે ઈન્દિરાનગર છાપરામાં જવા આવવાના રોડ ઉપર જાહેરમાં ફરિયાદને આરોપીએ જણાવેલ કે, મારું રૂા.૧,૯૦૦/-માં નકકી કરેલ સ્કુટર તારો ભાઈ

રાકેશ પાસેથી રૂા. ૨,૦૦૦/- માં કેમ લાવેલ છે?, તેમ જણાવી બિભત્સ ગાળો આપી આરોપી એ પીઠામાંથી લાકડાની ફાચર ઉઠાવી ફરિયાદીના માથમાં મારી ઈજા કરી તેમજ આરોપીઓએ સાહેદ નં. ૬ તથા ૭ ને ગડદાપાટુનો માર મારી ફરિયાદ કરીશ તો જોઈ લેવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ તથા બી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગોમાં આ કામના આરોપીઓ એ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

આ કામના આરોપીઓ (૧)વિનોદભાઈ ઉર્ફે ભુરીયો નાથાભાઈ પટણી, ઉ.વ. ૨૨, (૨) શાંતિલાલ ઉર્ફે બોબી સ/ઓ નાથાભાઈ પટણી, ઉ.વ.૩૦,બંને રહે: ઈન્દિરાનગરના છાપરા, જનતા નગરનો ટેકરો, ઓઢવ, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ- ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ તથા બી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ના શિક્ષાપાત્ર ગુન્હા માં ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૩(૬) ના પરંતુકને ઘ્યાને લઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

મુદ્દામાલ અપીલ સમય વીત્યે નિયમાનુસાર મુદ્દામાલ(લાકડાની ફાચર)નો નાશ કરવો.

આ હુકમ આજ તારીખ-૦૧ જી માહે-ઓકટોબર, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૦૧/૧૦/૨૦૨૪
અમદાવાદ

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)